# First Meeting of the National Coordination Committees of India and Uzbekistan on implementation of joint projects

August 24, 2020

# સંયુક્ત પરીયોજનાઓ પર ભારત અને ઉઝબેકિસ્તાનની રાષ્ટ્રિય સંકલન સમિતિની પ્રથમ મીટિંગ

ઓગસ્ટ 24, 2020

ભારત અને ઉઝબેકિસ્તાન વચ્ચે પરસ્પર સંમત થયેલી પરીયોજનાઓનાં અમલીકરણ પર દેખરેખ રાખવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ શ્રી શાવકાત મિર્ઝિયોયેવનાં નિર્દેશનો અંતર્ગત રચવામાં આવેલી રાષ્ટ્રિય સંકલન સમિતિની પ્રથમ મીટિંગ 24 ઓગસ્ટ 2020 નાં રોજ રાજ્ય કક્ષાનાં વિદેશ મંત્રી શ્રી વી. મુરલીધરન અને ઉઝબેકિસ્તાનનાં માજી વડાપ્રધાન અને રોકાણો અને વિદેશ વ્યાપારનાં મંત્રી શ્રી સારદોર ઉમુર્ઝાકોવની સંયુક્ત-અધ્યક્ષતામાં યોજવામાં આવી હતી.

બન્ને પક્ષોએ દ્વિપક્ષીય રોકાણ કરાર, પસંદગીનાં વ્યાપાર કરાર, બન્ને દેશોનાં કૃષિ ઉત્પાદનો માટે પરસ્પરનાં બજારની સુલભતા, ભારતની લાઈન ઑફ ક્રેડિટ અંતર્ગત ઓળખાયેલી પરીયોજનાઓનાં અમલીકરણ, ગુજરાત રાજ્ય અને ઉઝબેકિસ્તાનનનાં અંદિજાન પ્રાંત વચ્ચે સહકાર, અને તાસ્કંદમાં ભારત-ઉઝબેકિસ્તાન વ્યાપાર સાહસિકતા વિકાસ કેન્દ્ર પાર પાડવા માટેની વાટાઘાટોની સ્થિતિ સહિત, દ્વિપક્ષીય આર્થિક અને વ્યાપાર સહકારની ચાલું અને આયોજીત પ્રવૃત્તિઓની વ્યાપક સમીક્ષા કરી હતી.

સંયુક્ત-અધ્યક્ષોએ વિવિધ પરીયોજનાઓમાં હાંસલ કરેલી પ્રગતિ પર સંતોષ વ્યક્ત કર્યો હતો અને આશા વ્યક્ત કરી હતી કે પરીયોજનાઓ ઝડપથી પૂર્ણ થવાથી દ્વિપક્ષીય વ્યાપાર અને રોકાણ વધારે મજબૂત બનશે. રાજ્ય કક્ષાનાં મંત્રી શ્રી વી. મુરલીધરને માજી વડાપ્રધાન શ્રી ઉમુર્ઝાકોવને પરસ્પર સાનુકૂળતા પર ભારતની મુલાકાત લેવાનું આમંત્રણ પાઠવ્યું હતું.

**નવી દિલ્હી**
**ઓગસ્ટ 24, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.